જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૪/૨૦૨૧ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૬૧૭/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૩૪૩ | ૦ | ૧૧૩૪૩ | ૧૭૪૬૩ | ૦ | ૧૭૪૬૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૫ | ૦ | ૪૭૦૫ | ૬૨૨૮ | ૦ | ૬૨૨૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૫ | ૦ | ૭૫ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૩૧૭૦૭ | ૨૫૨ | ૩૧૯૫૯ | ૩૩૧૧૦ | ૨૩૫ | ૩૩૩૪૫ |
| | કુલ | ૪૭૮૩૦ | ૨૫૨ | ૪૮૦૮૨ | ૫૭૦૮૮ | ૨૩૫ | ૫૭૩૨૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૭ | ૭,૭૯,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૧૨ | ૧૧,૧૨,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૦૦૧ ઇપીકો કલમ ૩૨૬,૩૨૪,૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ GP Act ૧૩૫(૧) મુજબ તથા (૨)કૃષ્ણનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૦૫૯ ઇપીકો કલમ ૩૦૨,૩૦૭,૩૫૨,૩૩૭,૧૧૪ GP Act ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૦૮/૨૦૨૧ તા.૦૪/૦૪/૨૦૨૧ ના હુકમ આધારે તા.૦૫/૦૪/૨૦૨૧ ના કલાકઃ૧૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૫/૦૪/૨૦૨૧

## આરોપીનું નામ :-

શ્રી મેહુલ સ/ઓ જયંતીભાઇ છગનભાઇ જાતે પટણી ઉ.વ.૨૨ રહે.નવદુર્ગાની ચાલી ચિરાગકાંટાની બાજુમાં અનિલ સ્ટાર્ચ મીલની પાસે અમદાવાદ શહેર મુળ વતન નાયતા ગામ જી.પાટણ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

શ્રી એ.જે.ચૌહાણ પોલીસ ઇન્પેક્ટર તથા શ્રી વી.એમ.ગોહિલ પોલીસ સબ ઇન્સપેક્ટર તથા **એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦**



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૯૪ લીટર દેશી દારૂ, ૨૬૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન, ૧ રિક્ષા , ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૬૩૯/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૨૦/૨૦૨૧**

**નિકોલઃ** જયમીનભાઇ પ્રકાશભાઇ માણીયા (રહે. આસોપાલવ સોસાયટી રઘુનાથ સ્કુલ પાછળ બાપુનગર) એ તા.૦૪/૦૪/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન નિકોલ રિધમ પ્લાઝા અમર જવાન સર્કલ પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં કેનન કંપનીનો કેમેરો તથા વાયડર એગલ લેન્સ-૨ મળી કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૨૧/૨૦૨૧**

**નિકોલઃ** કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ નં.૮/૯ ખાતે કઠવાડા જી.આઇ.ડી.સી.મકાનો ખાતે મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા મહેશભાઇ ગલાભાઇ બારીયા (ઉ.વ.૩૨) (મુળ વતન. લીલર બારીયા ફળીયા તા.જી.દાહોદ) તા.૨૦/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે ચોથા માળે લીફ્ટની ટ્રોલીમાંથી માલ ખાલી કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૨૨/૨૦૨૧**

**રાણીપઃ** કનુભાઇ પકાજી ચૌહાણ (ઉ.વ.૩૫) (રહે.જવાહરનગરના છાપરાં જુની ધોળકા રેલ્વે લાઇન ઔડાના મકાન સામે નવા વાડજ) તા.૦૪/૦૪/૨૦૨૧ સવારના ૯/૨૨ વાગ્યાના સુમારે રાણીપ જીએસટીબ્રીજ નીચે રેલ્વે 'F' કેબીન રેલ્વેના પાટા નજીક ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિહ હિમ્મતસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૨૩/૨૦૨૧**

**ચાંદખેડાઃ** બસંતીદેવી બહાદુરસિંગ રાજપુત (ઉ.વ.૭૫) (રહે. સરલ ૯૦ બાલાજી રેસીડેન્સી પાસે મોટેરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૪/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે જવલનસીલ પદાર્થ વડે સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૪/૨૦૨૧ કલાક ૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

**શહેરકોટડાઃ** દિનેશભાઇ લાલજીભાઇ વળોદરા (ઉ.વ.૪૫) (રહે. વિજયમીલ “ડી” કોલોની) એ બિમારીથી કંટાળી તા.૦૩/૦૪/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૪/૨૦૨૧ કલાક ૪/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકભાઇ રમેશભાઇ ચલાવે છે.

**નિકોલઃ** અર્જુનસિહ રાજવીરસિહ ચૌધરી (ઉ.વ.૩૨) (રહે. ગોકુલ ગેલેક્ષી ફ્લેટ કઠવાડા ગામ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિહ ચેહરસિહ ચલાવે છે.

**નારોલઃ** રોબીનસન સ/ઓ કાંતીભાઇ ક્રિશ્ચયન (ઉ.વ.૨૬) (રહે. ઇન્દીરાનગર મ્યુ.સ્કૂલની બાજુમાં રાણીપુર ગામ નારોલ) એ  અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૧ બપોરના ૧/૪૦ વગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં રસ્સી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી